**નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૨૧

વંચાણે લીધા : આ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૮/૦૫/૨૦૨૧નો પરિપત્ર.

**પરિપત્ર:**

રાજ્યમાં કોરોના વાઇરસ (કોવિડ-૧૯)નું સંક્રમણ વધતા તમામ સરકારી / અર્ધસરકારી / બોર્ડ / કોર્પોરેશનની કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ / કર્મચારીઓને નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ચેપી રોગનું સંક્રમણ ન થાય તે માટે પૂરતી તકેદારી લેવાના ભાગરૂપે ઉપર વંચાણમાં લીધેલ પરિપત્રથી જરૂરી સૂચનાઓ તા.૩૧/૦૫/૨૦૨૧ થી તા.૦૪/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા માટે પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨. કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ તા.૦૭/૦૬/૨૦૨૧ થી સરકારી / અર્ધસરકારી કચેરી, બોર્ડ / કોર્પોરેશન **૧૦૦% કર્મચારીઓની હાજરી** સાથે રાબેતા મુજબ કાર્યરત કરવાનું સુનિશ્ચિત કરવા નક્કી કરેલ છે.

૩. રાજ્ય સરકાર દ્વારા નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર કરવામાં આવેલ વખતોવખતની ધોરણસરની કાર્યપદ્ધતિ /માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા તેમજ જાહેર હિતમાં નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

- કચેરીમાં કર્મચારીઓ / અધિકારીઓની હાજરીના સંબંધમાં દરેક કામના સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાય તે જોવાનું રહેશે.
- નોવેલ કોરોના વાઇરસ (Covid-19)નું સંક્રમણ ન થાય તે અંગે બેઠક માટે વીડીયો કોન્ફરન્સ સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન કરવા સર્વે વહીવટી વિભાગને જણાવવામાં આવે છે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વખતોવખત Covid-19 અંગે બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું અમલ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલ દયાની )
અધિક મુખ્ય સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

Scanned with CamScanner

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.

(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)

(૭) નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૮) નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.

(૯) સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રી.

(૧૦) સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી (HRMS Cell), સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સિલેકટ ફાઈલ (ટ-શાખા)

(૧૩) જનરલ સિલેકટ ફાઈલ.

Scanned with CamScanner

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેક્સ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web:kskvku.digitaluniversity.ac

કયુ/Covid-19/કર્મચારી/હાજરી/૨૦૨૧/ ૩૭૫૩ તા:૦૫/૦૬/૨૦૨૧

નકલ રવાના જાણ અને અમલીકરણ સારૂઃ–

સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારશ્રીના પરીપત્ર ક્રમાંકઃપરચ–૧૦૨૦૨૦–૫૦૧–ટ, તાઃ૦૫/૦૬/૨૦૨૧ના જાહેરનામા અંતર્ગત કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવનો અને વિભાગોના વડાશ્રી અને કોલેજોના આચાર્યશ્રીઓ તરફ સદર પરીપત્રનો અમલ કરવા સારૂ.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

પ્રતિ,

૧. તમામ અધ્યક્ષશ્રીઓ, તમામ ભવનો અને વિભાગો તરફ.

૨. આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજ તરફ.

નકલ રવાનાઃ– માન.કુલપતિશ્રીના અંગત કાર્યાલય તરફ.

Scanned with CamScanner